વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર

@dailypulsenews24

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 12 • Date :- 19-09-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

વર્ષ : ૦૧ અંક : ૧૨ તા. ૧૯-૦૯-૨૦૨૫ શુક્રવાર વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- છુટક નકલ : કિંમત રૂા. ૨/- ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭


વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટના ઘટાડાની શક્યતા

## GST બાદ મિડલ ક્લાસને વધુ એક રાહતની શક્યતા

નવી દિલ્હી,

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. નિકાસ ઓર્ડર અને સરકારી ખર્ચમાં ઘટાડાના કારણે જીડીપી ગ્રોથમાં ઘટાડાની ભીતિ વચ્ચે આ પગલું લેવામાં આવી શકે છે. GSTમાં ઘટાડા બાદ મીડલ ક્લાસને રેપો રેટમાં પણ રાહત મળવાની શક્યતા છે. જેનાથી ખિસ્સા પર બોજો ઘટશે અને માગ વધશે.



એચએસબીસી ગ્લોબલ રિસર્ચે પોતાના રિપોર્ટમાં આ અંગે જણાવ્યું હતું કે,અનાજનું મજબૂત ઉત્પાદન, ચોમાસુ સારૂ રહેતાં ગ્રામીણ વપરાશમાં વધારો, પર્યાપ્ત ભંડાર, ક્રૂડના ભાવોમાં ઘટાડો અને ચીનમાંથી સસ્તી નિકાસના કારણે ફુગાવો નીચો રહેવાનો આશાવાદ છે. જેથી આરબીઆઈ વ્યાજના દરોમાં ૦.૨૫ ટકા (૨૫ બેઝિસ પોઈન્ટ)નો ઘટાડો કરી શકે છે. ઉલ્લેખનીય છે, આરબીઆઈએ આ વર્ષમાં રેપો રેટ ફેબ્રુઆરીથી અત્યારસુધીમાં કુલ ૧૦૦ બેઝિસ પોઈન્ટ ઘટાડ્યો છે.

આરબીઆઈએ છેલ્લા દોઢ વર્ષથી રેપો રેટ ૬.૫ ટકા પર સ્થિર રાખ્યા બાદ આ વર્ષે ફેબ્રુઆરીથી ઘટાડો કરવાની શરૂઆત કરી હતી. આ વર્ષે ફેબ્રુઆરીમાં રેપોરેટ ૦.૨૫ ટકા ઘટાડ્યો હતો. બાદમાં એપ્રિલમાં વધુ ૦.૨૫ ટકા અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો લાગુ કર્યો હતો. આ સાથે હાલ ૫.૫ ટકા રેપો રેટ લાગુ છે. આગામી એમપીસી બેઠકમાં વ્યાજનો દર ૦.૨૫ ટકા ઘટાડે તો હોમ અને ઓટો લોનધારકોને મોટી રાહત મળશે.

બ્રોકિંગ ફર્મે જણાવ્યું કે, ચાલુ ત્રિમાસિક માટે સરેરાશ ફુગાવો ૧.૮ ટકા છે, જે આરબીઆઈના અપેક્ષિત લક્ષ્યાંક ૨.૧ ટકાથી નીચો છે. વધુમાં સપ્ટેમ્બરમાં સીપીઆઈ ફુગાવો ૧ ટકાથી ૧.૫ ટકા નોંધાવાનો અંદાજ છે. ઓગસ્ટમાં જથ્થાબંધ ફુગાવાનો આંકડો નજીવો વધ્યો છે. પરંતુ તે અપેક્ષિત લક્ષ્યાંકથી ઓછો છે. મોંઘવારીમાં વધારા પાછળનું એક મહત્ત્વનું પરિબળ સોનું રહ્યું છે. ઓગસ્ટમાં સોનાના ભાવમાં સરેરાશ ૪૦ ટકાનો ઉછાળો નોંધાતાં સીપીઆઈ ફુગાવામાં ૪૩ બેઝિસ પોઈન્ટનો વધારો થયો છે.

## એક જ દુકાનમાં ૫મી વખત ચોરી, ૨ મિનિટમાં ૮ લાખ ઉપાડી રફુચક્કર

સતનામા,

મધ્ય પ્રદેશના સતનામાં કૃષિ મંડી રોડ પર અમન ટ્રેડર્સ નામની દુકાનમાં ભર દિવસે રૂપિયા આઠ લાખની ચોરીનો બનાવ બન્યો છે. ચોરીની આ પૂરી ઘટના CCTVમાં કેદ થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર પીડિત વ્યાપારી રાજેશ અગ્રવાલે જણાવ્યું કે તે દરરોજની જેમ સવારે ૧૧ વાગ્યે દુકાને પહોંચ્યો હતો. અંદાજે ૧૧:૨૫ વાગ્યે રાજેશે તિજોરીમાં ૭-૮ લાખ રૂપિયા મૂક્યા હતા. દરમિયાન તેની દુકાનમાં એક ગ્રાહક આવ્યો. ગ્રાહકે તક મેળવી કાઉન્ટર સુધી પહોંચી તિજોર ખોલી તેમા મુકેલી રોકડ રકમને બેગમાં નાખી દુકાનની બહાર એક લાલ રંગની હોન્ડા સિટી કારમાં ફરાર થઈ ગયો. અગ્રવાલે આપેલી માહિતી પ્રમાણે તેની દુકાનમાં આ પાંચમી વાર ચોરીની ઘટના બની છે. ફરિયાદ નોંધાવ્યા પછી પણ પોલીસ કોઈ પણ આરોપીની ધરપકડ નથી કરી શકી. જો કે આ વખતે ચોરીની પૂર્ણ ઘટના CCTVના કેમેરા કેદ થઈ છે. ચોરીની ઘટનાની જાણકારી મળતા મેહર પોલીસ ઘટના સ્થળે પહોંચી અને CCTV ફૂટેજ ચેક કર્યા. પોલીસે આરોપીની ઓળખના આધારે ઝડપી ગતીએ તપાસ શરૂ કરી છે. પાંચમી વાર ચોરીની ઘટના બાદ સ્થાનિક વેપારીઓમાં પણ ચિંતા વધી છે. તેમજ સુરક્ષાને લઈને વેપારીઓ માં પણ આક્રોશ જોવા મળ્યો છે.

## નેપાળમાં વચગાળાના નવા પીએમ પણ મુશ્કેલીમાં મુકાયા

કાઠમાંડુ,

નેપાળમાં થયેલા પ્રદર્શનોમાં જીવ ગુમાવનારા યુવાનોના પરિવારોએ, વચગાળાના વડાપ્રધાન સુશીલા કાર્કીના સરકારી નિવાસસ્થાન બહાર મોડી રાત્રે સૂત્રોચ્ચાર કર્યા. સવારથી કાર્કીને મળવા માટે રાહ જોયા બાદ, તેમની ધીરજ ખૂટી ગઈ અને તેમણે સૂત્રોચ્ચાર કરવાનું શરુ કર્યું. આ પ્રદર્શનકારીઓ સુશીલા કાર્કીના ઘર બહાર ધરણા પર પણ બેસી ગયા, જેના કારણે પોલીસ સુરક્ષા વધારવામાં આવી.નેપાળમાં થયેલા આ હિંસક પ્રદર્શનોમાં કુલ 51 લોકોએ જીવ ગુમાવ્યો, જેમાં 21 પ્રદર્શનકારીઓ હતા. આ ઘટનામાં 1300થી વધુ લોકો ઘાયલ થયા. તેમજ હિંસા દરમિયાન 13,000થી વધુ કેદીઓ જેલમાંથી ભાગી ગયા હતા. પ્રદર્શનકારીઓએ ભારે તોડફોડ કરી હતી અને સંસદ ભવન તેમજ સુપ્રીમ કોર્ટમાં આગ લગાવી દીધી હતી. Gen-Z દ્વારા થયેલા આ વિરોધને કારણે નેપાળના વડાપ્રધાન કેપી ઓલીને રાજીનામું આપવું પડ્યું.આ ઘટના બાદ



નેપાળની કમાન 73 વર્ષીય સુશીલા કાર્કીને સોંપવામાં આવી. Gen-Zનો ટેકો મળતા જ, તેમણે સત્તામાં આવતાની સાથે જ તાત્કાલિક પગલાં લીધા. તેમણે પૂર્વ વડાપ્રધાન કેપી ઓલી વિરુદ્ધ 8 સપ્ટેમ્બરના પોલીસ દમન મામલે એફઆઈઆર દાખલ કરાવી. આ ઉપરાંત તેમણે શનિવારે આખો દિવસ Gen-Zના પ્રતિનિધિઓ અને અન્ય રાજકીય તેમજ સામાજિક જૂથો સાથે ચર્ચા-વિચારણા પણ કરી.

તેમને ઊર્જા મંત્રાલયનો હવાલો મળી શકે છે, કારણ કે તેઓ નેપાળના પાવર સેક્ટરમાં સુધારા લાવવા માટે જાણીતા છે. સુશીલા કાર્કીએ પોતાના કેબિનેટ માટે ઘણા મહત્ત્વના નામોને અંતિમ સ્વરૂપ આપ્યું છે અને તે નામો રાષ્ટ્રપતિ કાર્યાલયને મોકલી આપ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સૌથી મુખ્ય નામ કુલમાન ઘિસિંગનું છે, જે નેપાળ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી (NEA)ના ભૂતપૂર્વ ચીફ છે. તેમને ઊર્જા મંત્રાલયનો હવાલો મળી શકે છે, કારણ કે તેઓ નેપાળના પાવર સેક્ટરમાં સુધારા લાવવા માટે જાણીતા છે. આ ઉપરાંત, ઓમપ્રકાશ આર્યલને ગૃહમંત્રી, રામેશ્વર ખનાલને નાણામંત્રી અને બાલાનંદ શર્માને રક્ષામંત્રી તરીકે નિયુક્ત થવાની શકયતા છે.

વેપારીઓને ૨૫૦ કરોડના વેચાણની આશા

## નવરાત્રીને લઈ સુરતની ચણિયાચોળીની દેશમાં માંગ

સુરત,

ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ અને ગરબાનો તહેવાર નવરાત્રી હવે માત્ર રાજ્યની સીમાઓથી આગળ વધીને દેશભરમાં લોકપ્રિય બન્યો છે. આ તહેવારની ઉજવણી સાથે ગુજરાતી પરંપરાગત પોશાક ચણિયા-ચોળીની માંગ પણ દેશના અન્ય રાજ્યોમાં ઝડપથી વધી રહી છે. સુરતના બેગમપુરા વિસ્તારમાં આવેલા પશુપતિ ટેક્સટાઇલ માર્કેટ, તિરુપતિ માર્કેટ અને શંકર માર્કેટ નવરાત્રીની સિઝનમાં ચણિયા-ચોળીના હોલસેલ અને રિટેલ વેચાણનું મુખ્ય કેન્દ્ર બની રહ્યા છે.

આ માર્કેટોમાં ગ્રાહકોની ભીડ અને ખરીદીનો ઉત્સાહ નવરાત્રીની નજીક આવતાં વધુ તીવ્ર બન્યો છે.

સુરતના આ માર્કેટોમાંથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને દિલ્હી જેવા રાજ્યોમાંથી મોટા




પ્રમાણમાં ચણિયા-ચોળીના ઓર્ડર મળી રહ્યા છે. ગુજરાતની અંદર પણ રાજકોટ, વડોદરા અને અમદાવાદ જેવા શહેરોમાં આ પોશાકનું વેચાણ ઝડપથી વધી રહ્યું છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, ગ્રાહકો પરંપરાગત ડિઝાઈનની સાથે ઈન્ડો-વેસ્ટર્ન લુકવાળી ચણિયા-ચોળી પણ ખૂબ પસંદ કરી રહ્યા છે. આ ડિઝાઈનની વિવિધતા અને ગુણવત્તાને કારણે બેગમપુરા માર્કેટમાં ખરીદી માટે ગ્રાહકોની ભીડ જોવા મળે છે. વેપારીઓ આશા રાખે છે કે આ નવરાત્રીમાં માત્ર સુરતમાંથી જ ૨૫૦ કરોડ રૂપિયાના ચણિયા-ચોળીનું વેચાણ થશે.

શંકર માર્કેટના સચિવ અને ફોસ્ટાના ડાયરેક્ટર જગદીશભાઈ કોઠારીએ જણાવ્યું કે, મોદી સરકારે GSTમાં આપેલી રાહત કાપડ વેપારીઓ માટે દિવાળી પહેલાં એક મોટી ભેટ સમાન છે. ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થનારો ૫% GSTનો નિયમ કાપડના વેપારીઓ માટે એકસમાન રહેશે, જેનાથી વેપારમાં વધુ પારદર્શિતા અને ઉત્સાહ આવશે. આ રાહતને કારણે નવરાત્રીની સિઝનમાં ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો વેપાર થવાની આશા છે. આ નવી નીતિ વેપારીઓને વધુ ખુલ્લામનથી વેપાર કરવાની તક આપશે. જગદીશભાઈ કોઠારીએ સરકારને અપીલ કરી કે, ૨,૫૦૦ રૂપિયાથી ઉપરના ૧૮% GSTને બદલે ૫% GSTનો દાયરો ૨,૫૦૦થી ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો કરવામાં આવે. તેમના જણાવ્યા અનુસાર, મધ્યમ વર્ગના ગ્રાહકો મોટાભાગે ૧૦,૦૦૦ રૂપિયા સુધીની ચણિયા-ચોળી ખરીદે છે. જો GSTનો દાયરો વધારવામાં આવે તો ગ્રાહકોને રાહત મળશે અને વેપારીઓને પણ વધુ લાભ થશે. આ ફેરફાર નવરાત્રીના વેચાણને વધુ બળ આપશે અને મધ્યમ વર્ગના ગ્રાહકોની ખરીદીને પ્રોત્સાહન મળશે.

નવરાત્રીની આ ઉજવણીમાં સુરતના ટેક્સટાઇલ માર્કેટોનો મહત્વનો ફાળો છે. ચણિયા-ચોળીની વધતી માંગ અને GSTની રાહતને કારણે વેપારીઓ આગામી નવરાત્રીમાં મોટા વેચાણની આશા રાખે છે. બેગમપુરાના માર્કેટોમાં પરંપરાગત અને આધુનિક ડિઝાઈનનું સંગમ ગ્રાહકોને આકર્ષી રહ્યું છે, જે ગુજરાતી સંસ્કૃતિને દેશભરમાં ફેલાવવામાં મદદ કરે છે.

લાલ કિલ્લા પરથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી

## પીએમ મોદીએ બિહારમાં રૂ. ૩૬,૦૦૦ કરોડના પ્રોજેક્ટના ઉદ્ઘાટન-શિલાન્યાસ કર્યા

પટણા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે બિહાર, આસામ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ગેરકાયદે વસાહતીઓને કારણે સ્થાનિક લોકો પોતાની માતાઓ બહેનોની સુરક્ષાને લઈને ચિંતામાં મુકાયા છે. જયારે બીજી તરફ વિરોધી પક્ષો ગેરકાયદે વસાહતીઓને રક્ષણ આપી રહ્યા છે. બિહારના પૂર્ણિયામાં રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. સાથે તેમણે ૩૬,૦૦૦ કરોડના પ્રોજેક્ટ ખુલ્લા મુક્યા હતા.



મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ બિહારના નાગરિકોની સરખામણી બીડી સાથે કરી રહી છે જે બિહારીઓ માટે અપમાન સમાન છે. ઘુસણખોરીને કારણે દેશના પૂર્વના હિસ્સામાં વસ્તી વિષયક સંકટ પેદા થઈ રહ્યું છે. આસામ, બિહાર, બંગાળના નાગરિકોને ચિંતામાં મુકાયા છે. જેને કારણે જ મે લાલ કિલ્લા પરથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી હતી. પરંતુ કોંગ્રેસ, આરજેડી અને તેના સંપૂર્ણ ઈકોસીસ્ટમે મતબેંકના રાજકારણ માટે વિદેશી ઘુસણખોરોને બચાવવાનું શરૂ કરી દીધું. વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે ઘુસણખોરો પર આકરી કાર્યવાહી કરવામાં આવશે અને દેશને તેમના ફળ મળશે. વોટચોરીના વિરોધી પક્ષોના આરોપોને લઈને જવાબ આપતા મોદીએ કહ્યું હતું કે જનતા કોંગ્રેસ અને આરજેડીને યોગ્ય જવાબ આપશે. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસે સ્વીકાર કર્યો હતો કે સરકાર દ્વારા એક રૂપિયો ખર્ચ કરાય છે તેમાં માત્ર ૧૫ પૈસા જ લોકો સુધી પહોંચે છે. બાકીના ૮૫ પૈસા પંજો ખાઈ જતો હતો. બિહારમાં ચૂંટણી માટે ગમે ત્યારે તારીખો જાહેર થઈ શકે છે. આ સ્થિતિ વચ્ચે હાલ કોંગ્રેસ, આરજેડી રેલીઓ યોજી રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પ્રચાર શરૂ કરી દીધો છે. સાથે જ મોદીએ બિહારના પૂર્ણિયા એરપોર્ટના નવા ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું હતું.

મૃતકોના પરિવારજનોને રૂ. ૧૦ લાખનું આર્થિક વળતર અપાશે

## નેપાળમાં વચગાળાનાં વડાં પ્રધાને હિંસામાં માર્યા ગયેલા લોકોને 'શહીદ' જાહેર કર્યા

કાઠમાંડૂ,

નેપાળમાં ભ્રષ્ટાચાર અને આર્થિક અસમાનતાની સામે ભડકેલી હિંસામાં હમણા સુધી ૭૨ લોકોના મોત થયા છે. એમાં ૫૯ દેખાવકારો, ત્રણ પોલીસ કર્મી અને ૧૦ કેદી સામેલ છે. કેદીઓ જેલમાંથી ભાગવાની કોશિશ કરી રહ્યા હતા, ત્યારે થયેલા ગોળીબારમાં તેમના મોત થયા હતા. આ સાથે વડાપ્રધાન સુશીલા કાર્કીએ સ્પષ્ટતા કરી હતી કે તોડફોડ અને હિંસામાં સામેલ લોકો સામે તપાસ કરાવાશે અને જવાબદાર લોકોની સામે કાર્યવાહી કરાશે. આ વચગાળાની સરકાર ફક્ત છ મહિના માટે છે અને તેમનો હેતુ સત્તાનો સ્વાદ લેવાનો નથી, પરંતુ પરિસ્થિતિ સામાન્ય કરવાનો છે. સરકારનું ધ્યાન ફક્ત ભ્રષ્ટાચારની તપાસ, વ્યવસ્થા સુધારવી અને લોકોને વિશ્વાસ કાયમ કરવાનો છે.આ દરમિયાન, બગડેલી સ્થિતિ વચ્ચે દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન સુશીલા કાર્કીએ જાહેરાત કરી છે કે આ ઘટનામાં મૃતકોને શહીદનો દરજ્જો આપવામાં આવશે અને તેમના પરિવારજનોને રૂ. ૧૦ લાખનું આર્થિક વળતર અપાશે. વડાપ્રધાન કાર્કીએ પોતાનો કાર્યભાર સંભાળ્યા પછી યોજેલી પત્રકાર પરિષદમાં કહ્યું કે આઠમી સપ્ટેમ્બરે જેમના મોત થયા છે, તેમને સત્તાવાર રીતે શહીદ કહેવામાં આવશે. ઘાયલોની સારવાર સરકારી ખર્ચ કરાશે અને તેમને પણ આર્થિક સહાય અપાશે.આ સિવાય સરકાર મૃતહેદોને કાઠમાંડૂથી તેમના જિલ્લા સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ કરશે. વચગાળાના વડાપ્રધાન કાર્કીએ એમ પણ કહ્યું કે, જેમની માલિકીની સંપત્તિઓ હિંસક પ્રદર્શનોમાં સળગાવી દેવામાં આવી છે, તેમને પણ મદદ કરાશે. સરકાર તેમને વાજબી અને સરળ શરતો પણ લોન



કે અન્ય ઉપાયોગ દ્વારા રાહત આપશે. ઉલ્લેખનીય છે કે નેપાળમાં આ આંદોલન ત્યારે શરુ થયું જ્યારે સરકારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મો પર પ્રતિબંધ લગાવી દીધો હતો. આ નિર્ણય પહેલાથી વર્તમાનમાં ભ્રષ્ટાચાર અને બેરોજગારીને લીધે ગુસ્સા ભરાયેલા યુવાનો રોડ પર આવી ગયા. યુવાપેઢીનું આંદોલન દેશમાં પહેલીવાર એટલા વ્યાપક સ્તર પર થયું, જેમાં મુખ્ય માંગણી આર્થિક સમાનતા અને ભ્રષ્ટાચાર નાબૂદીની હતી.

## ઘૂસણખોરોને બચાવે છે કોંગ્રેસ અને RJDના નેતાઓ

પટણા,

બિહારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડેમોગ્રાફીનો મુદ્દો ઉઠાવ્યો છે. વડાપ્રધાન મોદીએ આજે સોમવારે (૧૫ સપ્ટેમ્બર) પૂર્ણિયાથી રાષ્ટ્રીય જનતા દળ(RJD) અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. જાહેર સભાને સંબોધિત કરતી વખતે વડાપ્રધાને કહ્યું હતું કે, ઘૂસણખોરોને કોંગ્રેસ અને RJDના નેતાઓ બચાવે છે. જે કોઈ ઘૂસણખોર છે તેને બહાર જવું પડશે. જેમાં ઘૂસણખોરીને રોકવાની RJDની દ્રઢ જવાબદારી છે. જે નેતાઓ ઘૂસણખોરો માટે મેદાનમાં છે, તેઓ ગમે તેટલા પ્રયત્નો કરે પરંતુ ઘૂસણખોરોએ બહાર જવું પડશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારતમાં ભારતનો કાયદો ચાલશે, ઘૂસણખોરોની મનમાની ચાલશે નહીં. ઘૂસણખોરી સામે એક્શન લેવાશે અને દેશ તેનું યોગ્ય પરિણામ જોશે. કોંગ્રેસ અને RJDએ બિહારના સન્માન સાથે-સાથે બિહારની અસ્મિતાને પણ જોખમમાં નાખી છે. જેમાં બિહાર, બંગાળ, આસામ સહિત અનેક રાજયના લોકો



પોતાની બહેન-દીકરીની સુરક્ષાને લઈને ચિંતામાં છે. એટલા માટે મેં લાલ કિલ્લાથી ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી છે.

## તંત્રી લેખ

# આખરે ચોમાસાની વિદાય

છેલ્લા જે બે ત્રિમાસિક પરિણામો આવ્યાં એણે કૃષિ અને મૂલ્યવર્ધિત કૃષિ પેદાશો માટે આશાવંત ચિત્ર રજૂ કર્યું છે. ભારતમાં કૃષિ પેદાશો સંબંધિત કોર્પોરેટ કંપનીઓમાં એકાએક વધારો થયો છે અને એમાંની અનેક કંપનીઓ હવે આંતરરાષ્ટ્રીય લિંકેજ ધરાવતી થઈ છે. દેશમાં નવા નાણાંકીય વર્ષનો પ્રારંભ થયો એને સમય વીતી ગયો છે અને આ સમયગાળામાં ગંગા-યમુનામાં ઘણા પાણી વહી ગયાં છે. વાસંતિક ફૂલોના રંગની જેમ અર્થતંત્રના અનેક રંગ આ વરસે પ્રજાએ જોવાના છે. ભારત અત્યારે સમય અને સંયોગોના એક એવા ત્રિભેટે આવીને ઊભેલો દેશ છે કે જેની સામે રાષ્ટ્રીય જીવનના અનેક ક્ષેત્રોમાં અનેક પડકારો ઊભા છે. ગમે તેવું નેતૃત્વ હોય તો પણ આ પડકારોને પહોંચી વળવાનું કામ આસાન નથી. આફ્રિકન દેશો સહિતના અનેક દરિદ્ર રાષ્ટ્રો ભીષણ મંદીમાં મદદ માટે ભારત તરફ મીટ માંડીને બેઠા છે. ઉત્તર ભારતના આકાશમાં હજુ વાદળો ઘેરાયેલા છે અને નવરાત્રિમાં પણ વરસાદી ઝલકની આગાહી છે તો પણ ભારતમાંથી વર્ષા ઋતુએ હવે વિદાય લીધી છે. હવે જે બાકી છે તે શરદ ઋતુની પ્રચ્છન્ન વર્ષા છે.ઘરના છોકરાઓએ ઘંટી ચાટવી ન પડે એ માટે સરકાર પારકાને આટો આપવામાં સ્વાભાવિક વિલંબ કરી રહી છે. તોય આજ સુધીમાં લાખો ટન અનાજ નિકાસ થયા છે ને ભેટ પણ અપાયા છે. ટૂંકાગાળાના આ ખેલનો ઈતિહાસ બહુ લાંબો છે. કેન્દ્ર સરકારે ચોખાની કેટલીક જાતોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો એનું મુખ્ય કારણ આ વરસનું લીલા દુકાળ જેવું ચોમાસુ છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદ શબ્દ સાંભળતા જ લોકો થરથર ધ્રૂજવા લાગે છે એવો એમનો આ વખતનો અનુભવ છે. સરકાર પીડિતોને મદદ કરે છે પરંતુ આખી દુનિયા ફરી વસાવવી પડે એટલે શું એ પ્રલયનો ભોગ બનેલા લોકોને પૂછો તો ખબર પડે. જરૂરિયાતની સામે ચાલુ વરસે અનાજ-કઠોળ ઉત્પાદન બહુ જ ઓછું આવવાનું છે. હવે આ ચોમાસાની વિદાય પછી મોડી પડવાની છે તે રવિ મોસમ પર ઘણો આધાર છે. પાછલી મોસમની ઘટને કારણે જીરુ, ડુંગળી, તેલીબિયાંના ભાવ આ શિયાળે પ્રજાને વ્યાકુળ કરશે. હવામાનમાં ફેરફારોને કારણે વરસાદનો છેલ્લો રાઉન્ડ ઘટાદાર વાદળો અને વર્ષાથી છવાયેલો હતો પરંતુ જે ખેતરો ધોવાઈ ગયા છે એમને ગંભીર નુકસાન થયું છે. દેશમાં ખરીફ પાક સારો હોય તો જ એને અનુસરીને રવિપાક પણ સારો થાય છે. એટલે ચાલુ નાણાકીય વર્ષ કૃષિ ક્ષેત્ર માટે ફળદાયી તો રહેવાનું છે, પરંતુ એના પરિણામે જ બજારમાં રૂપિયો ફરતો થવાનો છે અને અન્ય ઔદ્યોગિક સહિતના ક્ષેત્રમાં પણ આ વર્ષે તેજીની અસર દેખાવાની છે. એ તેજીની અત્યારે ખરેખર શરૂઆત થઈ ગઈ છે. દુનિયાભરમાં મંદીના સન્નાટા બોલતા હોય ત્યારે ભારતીય અર્થતંત્ર તેજીના હવામાનને લઈ આવે તે એશિયાના વિવિધ દેશો માટે આશ્ચર્યજનક છે. રિઝર્વ બેંકના ગવર્નરે દિવાળી પછીની રવિ મોસમ માટે ૧૦.૫ ટકાનો વિકાસ અંદાજ મૂક્યો છે. જોકે પહેલી નજરે મુશ્કેલ લાગે છે, પરંતુ ઈ. સ. ૨૦૨૪ - ૨૦૨૫ના બેકલોગને સરભર કરવા માટે ઉદ્યોગો અને સેવાઓ જે રીતે કામે લાગેલા દેખાય છે, એ જોતાં એ સાવ અસંભવ નથી. રિઝર્વ બેંકે અગાઉ પણ કહ્યું જ હતું કે ભારતીય અર્થતંત્રની ગાડી હવે પાટે ચડી ગઈ છે અને સુધારાવાદી અભિગમ દ્વારા અર્થતંત્રમાં ચડતી કળાનો ચંદ્ર દેખાય છે. દેશમાં સરકાર સતત ગુલાબી ચિત્ર રજૂ કરવા ચાહે છે પરંતુ નાના પરિવારોના પર્સ-પાકિટ વધુ નાનાં અને ખાલી થઈ ગયાં છે. અર્થતંત્ર જ્યારે કટોકટીનાં ભેડાઘાટમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે કુદરતી કૃપા સરીખો વરસાદ જો સકારાત્મક રહે તો કૃષિ ક્ષેત્રની મદદથી અર્થતંત્ર વધુ ગતિવાન બને. કેન્દ્ર સરકારે દેશના અધિક ડેન્ગ્યુ સંક્રમિત ૧૨ રાજ્યો સાથે ઉચ્ચસ્તરની એક મિટિંગ યોજીને સખત પગલાં લેવાનો અનુરોધ કર્યો છે. ચીનમાં હવે ઝેરી તાવના રોગચાળાની સ્થિતિ ગંભીર છે. એનો લાભ ભારતને મળે છે.સ્ટાર્ટઅપનો પ્લાન લગભગ બધા જ સેક્ટરમાં નિષ્ફળતાને જઈ વર્યો છે. આરંભે શૂરા જેવો ઘાટ ધરાવતા સ્ટાર્ટ અપ ઈન્ડિયા પ્રોજેકટનું બાળમરણ થયું એવું કહેવું અતિશયોક્તિ નહીં ગણાય. ઈ. સ. ૨૦૧૫માં બધા જ ભારતીય સ્ટાર્ટ અપ પ્રોજેકટે દેશવિદેશમાંથી સાડા સાત અબજ ડોલરનું ફન્ડિંગ ભેગું કર્યું હતું જે એના પછીના વર્ષે એટલે કે ૨૦૧૬ માં ઘટીને સાડા ત્રણ અબજ ડોલર થઈ ગયેલું. ઈ. સ. ૨૦૧૬ની નોટબંધીએ તો અડધોઅડધ સ્ટાર્ટઅપની બુનિયાદ તોડી નાંખી હતી.

# વિશ્વના ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઇ




નવીદિલ્હી,
૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ કતારની રાજધાની દોહામાં ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઈ હતી. જેમાં, ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોર્પોરેશન (OIC) ના સભ્ય દેશો અને આરબ દેશોએ બેઠકમાં હાજરી આપી હતી. OIC ની આ ઈમરજન્સી બેઠક કતારમાં ઈઝરાયેલી હુમલા અંગે યોજાઈ હતી, જેમાં તમામ દેશોને ઈઝરાયેલ સામે કાનૂની અને અસરકારક પગલાં લેવા અપીલ કરવામાં આવી હતી.

પાકિસ્તાની અખબાર ધ ડોનના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે ઈઝરાયેલે કતારમાં હમાસ નેતાઓને નિશાન બનાવ્યા હતા અને હુમલો કર્યો હતો. બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, આ અધિકારીઓ ગાઝા યુદ્ધવિરામ પ્રસ્તાવ પર ચર્ચા કરી રહ્યા હતા, પરંતુ ઈઝરાયેલે આ હુમલો કરીને તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે, તેથી તેની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. હમાસનું કહેવું છે કે, ઈઝરાયેલી હુમલામાં ૬ લોકો માર્યા ગયા છે. જોકે, હમાસના ટોચના અધિકારીઓ બચી ગયા છે.

OIC દેશોએ સંયુક્ત નિવેદનમાં અપીલ કરી છે કે, દરેક વ્યક્તિએ ઈઝરાયેલ વિરુદ્ધ કાયદેસર અને કડક પગલાં લેવાની જરૂર છે, અને બધા દેશોએ તેની સાથેના તેમના રાજદ્વારી અને આર્થિક સંબંધો પર પણ ધ્યાન આપવું જોઈએ, કારણ કે તે લગભગ બે વર્ષથી પેલેસ્ટિનિયનો પર હુમલો કરી રહ્યું છે. આ દેશોએ સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલનું સભ્યપદ સમાપ્ત કરવા માટે પ્રયાસો કરવાની પણ અપીલ કરી છે. બેઠકનો હેતુ ઈઝરાયેલ પર દબાણ લાવવાનો હતો, જેથી ગાઝામાં તેના ચાલી રહેલા હુમલાઓને રોકી શકાય.

બેઠકમાં ૬૦ દેશોના વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓએ હાજરી આપી હતી, પરંતુ સંયુક્ત આરબ અમીરાત, બહેરીન અને મોરોક્કોએ બેઠક માટે પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. આ ત્રણ દેશોએ પાંચ વર્ષ પહેલાં ઈઝરાયેલને અબ્રાહમ કરાર હેઠળ માન્યતા આપી હતી. આ ઉપરાંત, કતાર, ઈજિપ્ત અને જોર્ડન પણ તેને માન્યતા આપનારા દેશોમાં સામેલ છે.

ઈઝરાયેલનું ેંદ્ર સભ્યપદ સમાપ્ત કરવાની અપીલકતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ કહ્યું કે, યુદ્ધવિરામની વાત કરી રહેલા હમાસ વાતચીત કરનારાઓ પર હુમલો કરીને ઈઝરાયેલે સાબિત કર્યું છે કે, તેનો યુદ્ધવિરામનો ઈરાદો નથી. આરબ દેશોને ચેતવણી આપતા અમીરે એમ પણ કહ્યું કે, ઈઝરાયેલે કતારમાં હમાસના અધિકારીઓ પર હુમલો કરીને ગાઝા પરની વાતચીતને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અરબને ઈઝરાયેલી પ્રદેશમાં ફેરવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, જે એક ખતરનાક બાબત છે.

કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ કહ્યું કે, યુદ્ધવિરામની વાત કરી રહેલા હમાસ વાતચીત કરનારાઓ પર હુમલો કરીને ઈઝરાયેલે સાબિત કર્યું છે કે, તેનો યુદ્ધવિરામનો ઈરાદો નથી. આરબ દેશોને ચેતવણી આપતા અમીરે એમ પણ કહ્યું કે, ઈઝરાયેલે કતારમાં હમાસના અધિકારીઓ પર હુમલો કરીને ગાઝા પરની વાતચીતને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અરબને ઈઝરાયેલી પ્રદેશમાં ફેરવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, જે એક ખતરનાક બાબત છે.

બાદમાં, શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'આજે દોહામાં યોજાયેલ ઈમરજન્સી આરબ-ઈસ્લામિક સમિટ આપણા ક્ષેત્રમાં ઈઝરાયેલી આતંકવાદ સામે એક મજબૂત સંદેશ છે અને તેના પરિણામો આપણા સામૂહિક પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા, આપણા દેશોની સ્થિતિનું સંકલન કરવા અને આપણા વલણ અને અવાજને એક કરવામાં અસરકારક રીતે ફાળો આપશે.'

બાદમાં, શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'આજે દોહામાં યોજાયેલ ઈમરજન્સી આરબ-ઈસ્લામિક સમિટ આપણા ક્ષેત્રમાં ઈઝરાયેલી આતંકવાદ સામે એક મજબૂત સંદેશ છે અને તેના પરિણામો આપણા સામૂહિક પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા, આપણા દેશોની સ્થિતિનું સંકલન કરવા અને આપણા વલણ અને અવાજને એક કરવામાં અસરકારક રીતે ફાળો આપશે.'

બેઠકમાં કોણે હાજરી આપી?આરબ-ઈસ્લામિક સમિટમાં સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, ઈરાનના પ્રમુખ મોસાદ પેઝેશ્કિયાન, ઈરાકી વડા પ્રધાન મોહમ્મદ સિયાહ અલ-સુદાની, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્બાસ પણ હાજર રહ્યા હતા.

આરબ-ઈસ્લામિક સમિટમાં સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, ઈરાનના પ્રમુખ મોસાદ પેઝેશ્કિયાન, ઈરાકી વડા પ્રધાન મોહમ્મદ સિયાહ અલ-સુદાની, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્બાસ પણ હાજર રહ્યા હતા. ઈરાની રાષ્ટ્રપતિ મોસાદ પેઝેશ્કિયાને કહ્યું કે, કાલે અરબ કે અન્ય કોઈપણ ઈસ્લામિક દેશ સામે આવી શકે છે, જેમ જુલાઈમાં ઈરાન સાથે થયું હતું. જ્યારે ઈઝરાયલ સાથે તેનું યુદ્ધ લગભગ ૧૨ દિવસ ચાલ્યું હતું. ઈરાને અગાઉ પણ મુસ્લિમ દેશોને ઈઝરાયલ સાથેના તમામ સંબંધોનો અંત લાવવાની અપીલ કરી છે.

### પર્યટન સ્થળ સહસ્ત્રધારામાં તારાજી

# ઉત્તરાખંડને ફરી એકવાર કુદરતનો માર પડ્યો



દેહરાદૂન,
ઉત્તરાખંડના દહેરાદૂનમાં સહસ્ત્રધારા કાર્લીગાડ વિસ્તારમાં સોમવારે (૧૫ સપ્ટેમ્બર) વહેલી સવારે ૫ વાગ્યે વાદળ ફાટવાથી અનેક દુકાનો વહી ગઈ હતી. જોકે, આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે અને. બે લોકો ગુમ હોવાના અહેવાલ મળ્યા છે. અહીં સતત રેસ્ક્યુ અને બચાવ કામગીરી શરૂ છે. તંત્ર મોડી રાતથી અહીં લોકોની મદદ માટે પહોંચી ગયું છે. SDRF, NDRF અને સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલા છે. વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રીએ ફોન પર મુખ્યમંત્રી સાથે વાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને શક્ય તમામ મદદ પહોંચાડવાની ખાતરી આપી છે. ઉત્તરાખંડને ફરી એકવાર કુદરતનો માર સહન કરવો પડી રહ્યો છે. સહસ્ત્રધારના કાર્લીગઢ વિસ્તારમાં ભારે વરસાદને કારણે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી લોકો ગભરાઈ ગયા હતા. વાદળ ફાટવાથી ૨-૩ મોટી હોટલોને નુકસાન થયું છે, જ્યારે બજારમાં બનેલી ૭-૮ દુકાનો ધરાશાયી થઈ ગઈ છે.

લગભગ ૧૦૦ જેટલા લોકો ઘટનાસ્થળે ફસાયા હતા જેમને ગ્રામજનોએ જાતે જ રેસ્ક્યુ કરીને બચાવી લીધા હતા. વાદળ ફાટવાની માહિતી મળતાની સાથે જ જિલ્લા વહીવટી તંત્રએ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. વાદળ ફાટવાની જગ્યાની નજીક રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવી રહ્યા છે. SDRF, NDRF, જાહેર બાંધકામ વિભાગે રાત્રે જ કામ શરૂ કરી દીધું હતું. આ ઘટનામાં બે લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેક્રેટરી વિનોદ કુમાર સુમને જણાવ્યું હતું કે, 'દહેરાદૂનના સહસ્ત્રધાર અને માલ દેવતા તેમજ મસૂરીથી પણ નુકસાનના અહેવાલો મળી રહ્યા છે. દહેરાદૂનમાં બે થી ત્રણ લોકો ગુમ થયાના અહેવાલ છે. મસૂરીમાં એક વ્યક્તિના મૃત્યુના સમાચાર છે, જેની પુષ્ટિ થઈ રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ટીમો રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે, જ્યારે ૩૦૦ થી ૪૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.' ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે, 'મોડી રાત્રે દહેરાદૂનના સહસ્ત્રધારામાં ભારે વરસાદને કારણે કેટલીક દુકાનોને નુકસાન થયાના દુઃખદ સમાચાર મળ્યા છે. જિલ્લા વહીવટીતંત્ર, જીઙ્ઘઈહ્વ, પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને રાહત તેમજ બચાવ કામગીરીમાં રોકાયેલા છે. હું આ સંદર્ભે સતત સ્થાનિક વહીવટીતંત્ર સાથે સંપર્કમાં છું અને પોતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું. હું દરેકની સલામતી માટે ભગવાનને પ્રાર્થના કરું છું.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સાથે ફોન પર વાત કરી અને ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિ વિશે વિગતવાર માહિતી મેળવી. વડાપ્રધાન અને ગૃહમંત્રીએ રાજ્યને શક્ય તમામ સહાયની ખાતરી આપી અને કહ્યું કે આ આફતની ઘડીમાં કેન્દ્ર સરકાર રાજ્યની સાથે મજબૂતીથી ઉભી છે.દહેરાદૂનમાં આ દુર્ઘટના બાદ, જિલ્લા વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે. ઈજી સિસ્ટમ સાથે જોડાયેલા વિભાગો પણ સક્રિય થઈ ગયા છે. મંગળવારે સવારથી દહેરાદૂનમાં ગાજવીજ અને વીજળી સાથે ભારે વરસાદ શરૂ થયો છે. વરસાદને કારણે, આઈટી પાર્ક નજીક મોટા પ્રમાણમાં કાટમાળ ધસી ગયો હતો, જેના કારણે સોંગ નદીનું પાણીનું સ્તર ખૂબ વધી ગયું છે. પોલીસે નદીકાંઠે રહેતા લોકોને ચેતવણી આપી છે અને તેમને સુરક્ષિત સ્થળોએ જવા કહ્યું છે. બીજી બાજુ, મસૂરીમાં પણ મુશળધાર વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ભારે વરસાદને કારણે, મસૂરી દેહરાદૂન પાની વાલા બેન્ડ પાસે ભૂસ્ખલન થવાથી માર્ગ બંધ થઈ ગયો છે.

દહેરાદૂનનાં માલદેવતા નજીક સોંગ નદીનું વિકરાળ સ્વરૂપ જોવા મળી રહ્યું છે. નદી બેકાબૂ ગતિએ વહી રહી છે, પુલ તૂટી પડ્યા છે. હવામાનને ધ્યાનમાં રાખીને, આજે ધોરણ ૧ થી ધોરણ ૧૨ સુધીની બધી શાળાઓ બંધ કરવામાં આવી છે. આ સિવાય ઋષિકેશમાં પણ ચંદ્રભાગા નદીમાં પૂર આવ્યું છે. પાણી હાઈવે સુધી પહોંચી ગયું છે. ઘણા વાહનો અને લોકો નદીના પ્રવાહમાં ફસાઈ ગયા છે. જીઙ્ઘઈહ્વ ટીમે ચંદ્રભાગા નદીમાંથી ત્રણ લોકોને બચાવ્યા છે. તપકેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં ૧-૨ ફૂટ કાટમાળ જમા થયો હતો. મંદિર વિસ્તારમાં ભારે નુકસાન થયું હતું. આઈટી પાર્ક દેહરાદૂન પાસે રસ્તાઓ પર વાહનો રમકડાંની જેમ તરતા જોવા મળ્યા હતા.

# હિમાચલમાં મેઘરાજાનું તાંડવ: બસ સ્ટેન્ડ ડૂબ્યું, બસો તણાઈ




શિમલા,
હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે ફરી એકવાર કહેર વર્તાવ્યો છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ મંડીના ધરમપુરમાં વાદળ ફાટવાને કારણે બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું અને શિમલામાં ભૂસ્ખલનથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ વરસાદ હવે માત્ર હવામાનનો ફેરફાર નહીં, પરંતુ લોકો માટે એક મોટી મુસીબત બની ગયો છે, જેના કારણે ચારેબાજુ પાણી, કાટમાળ અને વિનાશ જોવા મળી રહ્યો છે. ગઈ રાત્રે ધરમપુરમાં ભારે વરસાદથી આખું બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું, જેમાં બસો અને અન્ય વાહનો તણાઈ ગયા. સોન ખડનું જળસ્તર વધતા લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું. આ ઘટનામાં એક વ્યક્તિ ગુમ છે. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે લોકોએ રાત્રે ઘરની છત પર ચઢીને પોતાનો જીવ બચાવ્યો અને પોલીસે તત્કાળ બચાવ કામગીરી શરૂ કરી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને વાવાઝોડું આવ્યું, જેના કારણે ૩ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૯૩ રસ્તાઓ બંધ રહ્યા. છેલ્લા ૨૪ કલાકમાં જોગીન્દર નગરમાં ૫૬ મિમી, પાલમપુરમાં ૪૮ મિમી, પંડોહમાં ૪૦ મિમી અને કાંગડામાં ૩૪.૨ મિમી સહિત અનેક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો. આ દરમિયાન, નગરોટા સુરિયાંમાં ૩૦ મિમી, મંડીમાં ૨૭.૫ મિમી, સરાહન માં ૧૮.૫ મિમી, મુરારી દેવીમાં ૧૮.૨ મિમી, ભરેરીમાં ૧૭.૬ મિમી અને કરસોગમાં ૧૭ મિમી વરસાદ પડ્યો.હવામાન વિભાગ મુજબ, કાંગડા, જોત, સુંદરનગર અને પાલમ પુરમાં ગાજવીજ સાથે વરસાદ થયો, જ્યારે રિકાંગપિયો અને સેઓબાગમાં તેજ પવન ફૂંકાયો. રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર (SEOC) અનુસાર, આ ઘટનાને કારણે ૪૯૩ રસ્તાઓ, જેમાં ત્રણ મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો સમાવેશ થાય છે, વાહનવ્યવહાર માટે બંધ રહ્યા. આ ઉપરાંત, ૩૫૨ વીજળી ટ્રાન્સફોર્મર અને ૧૬૩ જળ-પુરવઠા યોજનાઓ પણ ખોરવાઈ ગઈ છે.રાજ્યમાં ૨૦ જૂનથી ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોને કારણે કુલ ૪૦૯ લોકોનાં મોત થયા છે અને ૪૧ લોકો ગુમ છે. આ સમયગાળા દરમિયાન, રાજ્યને ૪,૫૦૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ સિઝનમાં ૧ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં, હિમાચલ પ્રદેશમાં ૯૯૧.૧ મિમી સરેરાશ વરસાદ નોંધાયો, જે સામાન્ય કરતાં ૪૪% વધુ છે.


### પેલેસ્ટાઈનમાં બહુમાળી ઈમારત ધરાશાયી, ૧ ૩નાં મોત, અનેક ઘાયલ

# રુબિયોના આગમન ટાણે જ ઇઝરાયેલે ગાઝામાં હુમલા વધાર્યા



જેરુસલેમ,
અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોના જેરુસલેમમાં આગમન વચ્ચે ઈઝરાયેલે ઉત્તરી ગાઝા પર હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા હતાં. ભીષણ હવાઈ હુમલામાં ગાઝામાં એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ હતી અને ઓછામાં ઓછા ૧૨ પેલેસ્ટિનિયનોના મોત થયા હતાં અને અનેક ઘાયલ થયાં હતાં. ઈઝરાયેલની મુલાકાત પહેલા રૂબિયોએ જણાવ્યું હતું કે તેઓ ગાઝા અંગેની ભાવિ યોજના અંગે ઈઝરાયેલ પાસેથી જવાબ માંગશે. અહીં ઉલ્લેખનીય છે કે ગયા સપ્તાહે કતારમાં હમાસના આતંકીઓ પર ઈઝરાયલના હુમલા પછી ગાઝામાં યુદ્ધવિરામના પ્રયાસો નિષ્ફળ ગયા હતા અને તેનાથી અમેરિકી વિદેશ મંત્રી બે દિવસની મુલાકાતના ભાગરૂપે ઈઝરાયેલ પહોંચ્યાં છે. યુનાઈટેડ નેશનમાં અલગ પેલેસ્ટાઈન દેશની રચના અંગેની ચર્ચા દરમિયાન વિશ્વમાં ઈઝરાયેલ એકલું પડી ગયું છે. આ સ્થિતિ રૂબિયાઓની મુલાકાતને ઈઝરાયેલ ને સમર્થન માટેની મુલાકાત ગણવામાં આવે છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્ઝામિન નેતાન્યાહુ પેલેસ્ટાઈનને માન્યતા આપવાનો જોરદાર વિરોધ કર્યા છે. દોહામાં હમાસ નેતાઓ પર ઈઝરાયલી હુમલા બદલ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે નેતન્યાહૂ સામે સખત નારાજગી વ્યક્ત કરી હતી. શુક્રવારે, રુબિયો અને ટ્રમ્પે ઈઝરાયલી કાર્યવાહીના પરિણામોની ચર્ચા કરવા માટે કતારના વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી.

# અમેરિકા પાસેથી ભારત મકાઈની બોરી પણ ખરીદતું નથી: લ્યુટનિક



વોશિંગ્ટન,
ટેરિફના કારણે ભારત સહિત અનેક દેશો સાથે યુએસના સંબંધો વણસી રહ્યા છે ત્યારે આ યુએસના કોમર્સ સેક્રેટરી હોવર્ડ લ્યુટનિકે ફરી એક વાર ભારત પર પ્રહાર કર્યો છે. લ્યુટનિકે એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યુ હતું કે, પોતાના દેશમાં ૧.૪ અબજ વસતી હોવાની ડંફાસો ભારત મારી રહ્યું છે, પરંતુ અમેરિકા પાસેથી એક બોરી મકાઈ પણ ખરીદતું નથી. ભારત, કેનેડા, બ્રાઝિલ જેવા દેશો યુએસના મહત્ત્વના સાથીદાર રહ્યા છે ત્યારે ટેરિફના મુદ્દે યુએસ દ્વારા મહત્ત્વના સંબંધોમાં મિસ-મેનેજમેન્ટ થઈ રહ્યું હોવાના સવાલ સંદર્ભે લ્યુટનિકે કહ્યુ હતું કે, આ સંબંધો વન-વે જેવા છે, તેઓ અમેરિકામાં સામાન વેચે છે અને લાભ લઈ રહ્યા છે. જો કે પોતાના અર્થતંત્રમાં અમેરિકાના પ્રવેશને અટકાવી રહ્યા છે. અમેરિકાએ દરવાજા ખુલ્લા રાખ્યા ત્યાં સુધી તેઓ આવ્યા અને અમેરિકાનો લાભ લીધો હતો. જો કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ન્યાયી અને રેસિપ્રોકલ ટ્રેડની વાત કરી રહ્યા છે. ભારત સંદર્ભે લ્યુટનિકે કહ્યું હતું કે, ભારત હંમેશા ૧.૪ અબજની વસતીની ડંફાસ મારે છે. આટલી બધી વસતી હોવા છતાં યુએસ મકાઈની એક બશેલ (એક બશેલમાં ૩૫.૨ લિટર વજન) પણ શા માટે ખરીદતા નથી? ભારત જેવા દેશો દરેક વસ્તુ પર ટેરિફ રાખે છે અને અમેરિકામાં બધું વેચે છે, પરંતુ અમેરિકાની મકાઈ સુદ્ધાં ખરીદતા નથી. તેથી ટ્રમ્પે ટેરિફ ઘટાડવાની વાત કરી છે અને ટેરિફ ના ઘટે તો જેવા સાથે તેવાનો અભિગમ અપનાવ્યો છે. આ મુદ્દો ન ઉકેલાય ત્યાં સુધી રેસિપ્રોકલ ટેરિફની નીતિમાં કોઈ સમાધાનની શક્યતાને ફગાવી દેતાં લ્યુટનિકે દાવો કર્યો હતો.

યુવકે જુગાર રમતા લોકોના વીડિયો ઉતાર્યો હતો

# મનપસંદ જીમખાનામાં વીડિયો બદલ યુવકને મારનાર બે સામે ફરિયાદ થઈ




અમદાવાદ,

જુગાર માટે પંકાયેલા મનપસંદ જીમખાનામાં એક યુવક ઘૂસી ગયો હતો અને જુગાર રમતા લોકોના વીડિયો ઉતાર્યો હતો. જેના કારણે ત્યાં બે લોકોએ યુવકને ફટકારી ધમકી આપી હતી. આ મામલે યુવકે દરિયાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના દરિયાપુર વિસ્તારમાં ૩૦ વર્ષિય બંદિશ અજયકુમાર ખત્રી પરિવાર સાથે રહે છે અને મનપસંદ જીમખાના બિલ્ડિંગમાં ૩૩ ટકા ભાગીદારી ધરાવે છે. ગઈકાલે બપોરે ૩ વાગ્યે મનપસંદ જીમખાના ખાતે બંદિશ પહોંચ્યો ત્યારે ગેટ બંધ હતો અને તેમાં ફેસ આઈડી લોક હતું, જેથી લોક ખુલતું નહોતું. જોકે, ત્યાં જુગાર રમાતો હોવાની આશંકા હોવાને કારણે બંદિશે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી દીધો હતો. દરમિયાન કોઈએ દરવાજો ખોલી નાખ્યો હતો. જેથી બંદિશે અંદર જઈને જોયું તો જ્યાં જુદા જુદા માળે લોકો જુગાર રમી રહ્યા હતા. તેણે વીડિયો ઉતારતા લોકો ત્યાંથી ભાગવા લાગ્યા હતા. જેથી તેમની સાથે બંદિશ પણ નીચે ઉતરતો ત્યારે મેઈન ગેટ પાસે ગોવિંદભાઈ ઉર્ફે ગામો પટેલ આવી ગયો હતો અને જણાવ્યું હતું કે, કોઈ નીચે ઉતરવાનું નથી. જોકે, તમામ વ્યક્તિઓ ત્યાંથી નીકળી ગયા ત્યારે ગામાએ બંદિશને જણાવ્યું હતું કે, તું બહાર નીકળી જા. તેથી બંદિશે જણાવ્યું હતું કે, હું પણ મિલકતમાં ૩૩ ટકાનો હિસ્સેદાર છું. તેથી તેણે પુરાવા માગતા બંદિશે ફોનમાં આ અંગેના પુરાવા બતાવ્યા હતા. દરમિયાન ગામાએ કમરના ભાગેથી બંદિશનું પેન્ટ ખેંચી ગાળો આપી હતી અને માર માર્યો હતો. ત્યાં કામ કરતો રાહીલ પણ ત્યાં આવ્યો હતો અને તેણે પણ ઝપાઝપી કરી મારામારી કરી હતી. જેથી બંદિશે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કર્યો હતો અને ત્યાંથી નીકળ્યો ત્યારે ગામાએ ધમકી આપી હતી કે, હવે અહીં આવીશ તો તને જાનથી મારી નાંખીશું. આ મામલે બંદિશે ગામા અને રાહીલ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

માણસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અઢી વર્ષ અગાઉ

# સગીરાઓના ફોટા વાયરલ કરી અભદ્ર લખાણ લખનાર આરોપીને ત્રણ વર્ષની કેદ



ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના માણસામાં અઢી વર્ષ અગાઉ બે સગીરા અને એક યુવતીના ફોટા વોટ્સએપ ગ્પમાં મૂકીને તેમાં અભદ્ર લખાણ લખનાર આરોપી સામે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટ દ્વારા આરોપીને ત્રણ વર્ષની કેદ અને એક લાખ રૂપિયાનો દંડ ભરવા હુકમ કરવામાં આવ્યો હતો.આ કેસની મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં આવેલા માણસા તાલુકાના બોરપુરા ગામમાં રહેતા આરોપી રાહુલસિંહ શિવુસિંહ રાઠોડ દ્વારા એક વોટ્સએપ ગ્પ બનાવવામાં આવ્યું હતું અને આ ગ્પમાં લખાણ લખી ગામની બે સગીરા તેમજ એક યુવતીના ફોટા મુક્યા હતા અને તેના નીચે અભદ્ર લખાણ લખવામાં આવ્યું હતું. જે સંદર્ભે સગીરાના પરિવારજનોને જાણ થતાં હેબતાઈ ગયા હતા. જેથી આ અંગે આરોપી યુવાન સામે માણસા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા તપાસ કરીને કેસનું ચાર્જશીટ ગાંધીનગરની પોક્સો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. બીજા એડિશનલ સેશન્સ જજ જે. એન. ઠક્કરની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ સુનિલ એસ. પંડયા દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચાર્યો છે. ત્રણ દીકરીઓના ફોટા અને બિભત્સ લખાણ લખી ગ્પમાં મૂકીને તેમને બદનામ કરવામાં આવી છે. જેથી આવા કેસમાં આરોપીને છોડી શકાય નહીં. કોર્ટ દ્વારા તેને સખતમાં સખત સજા કરવી જોઈએ. સમાજમાં આ પ્રકારની ઘટનાઓ વધી રહી છે જેને અટકાવવા માટે કાયદામાં દર્શાવેલી પૂરેપૂરી સજા આરોપીને કરવામાં આવે જોકે કોર્ટ દ્વારા આ દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી રાહુલસિંહ શિવુસિંહ રાઠોડને ત્રણ વર્ષની સાદી કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ભોગ બનનાર બંને સગીરાઓને એક લાખ રૂપિયા તેમજ યુવતીને ૫૦ હજાર વળતર પેટે ચૂકવી આપવા માટે હુકમ કરવામાં આવ્યો હતો.

આઠ વર્ષ સુધીના બાળકો પણ ડેન્ગ્યૂના સકંજામાં આવી ગયા

# અમદાવાદમાં છેલ્લા ૧૩ દિવસમાં ૨૦૦થી વધુ કેસ આવતા ફફડાટ




અમદાવાદ,

સામાન્ય રીતે સપ્ટેમ્બરથી ડિસેમ્બર મહિના સુધીમાં ડેન્ગ્યૂના કેસ વધુ સંખ્યામાં નોંધાતા હોય છે. સપ્ટેમ્બર મહિનાના તેર દિવસમાં જ અમદાવાદમાં ડેન્ગ્યૂના ૨૦૦ કેસ નોંધાયા છે. ગોમતીપુર, બહેરામપુરા ઉપરાંત પાલડી, નવરંગપુરા અને રાણીપ સહિતના વિસ્તારમાં ડેન્ગ્યૂના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે ડિસેમ્બર અંત સુધીમાં ડેન્ગ્યૂના કેસમાં હજુ વધારો થવાની સંભાવના વ્યકત કરાઈ છે.એક તરફ અમદાવાદમાં પાણીમાં પોલ્યુશન આવવાના કારણે અલગ અલગ ૨૬ સ્પોટને હોટ સ્પોટ જાહેર કરાયા છે. આ વિસ્તારોમાં પાણીની વર્ષો જુની લાઈન બદલવાની કામગીરી શરુ કરાઈ છે. બીજી તરફ સપ્ટેમ્બર ના આરંભથી અલગ અલગ વોર્ડ વિસ્તારોમાં ડેન્ગ્યૂના કેસ નોંધાઈ રહયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મચ્છરજન્ય રોગને નિયંત્રિત કરવાની કહેવાતી કામગીરીની વચ્ચે સપ્ટેમ્બર માં મેલેરિયાના ૭૫ અને ઝેરી મેલેરિયાના ૭ કેસ નોંધાયા છે.પાણીજન્ય રોગમાં કમળાના ૨૦૦, ટાઈફોઈડના ૧૮૦, ઝાડા ઉલટીના ૧૨૦ તથા વટવા વોર્ડમાં કોલેરાનો એક કેસ નોંધાયો છે. કોર્પોરેશન દ્વારા લેવામાં આવેલા પાણીના સેમ્પલ પૈકી ૪૪ સેમ્પલ પીવાલાયક પાણીના નહીં હોવાનુ સામે આવ્યુ છે. ૧૧ સેમ્પલમાં કલોરીન નીલ હોવાનો રીપોર્ટ આવ્યો છે.પ્રાપ્ત થતી વિગત મુજબ,અમદાવાદમાં આ વર્ષે જાન્યુઆરીથી સપ્ટેમ્બર -૨૫ સુધીમાં ડેન્ગ્યૂના કુલ ૯૩૪ કેસ નોંધાયા છે. આ પૈકી ૫૨૬ પુરુષ અને ૪૦૮ મહિલા દર્દી છે. શહેરમાં ૧ વર્ષ સુધીના ૧૧, ૧થી ૪ વર્ષ સુધીના ૬૨ તથા ૫થી ૮ વર્ષ સુધીના ૪૨ બાળકો આ વર્ષે ડેન્ગ્યૂના સકંજામા આવી ગયા હતા.

બાપુનગર પોલીસે પતિ સામે દુષ્પ્રેરણાની કલમ હેઠળ ગુનો નોંધ્યો

# દહેજ ભૂખ્યા પતિના ત્રાસથી કંટાળીને પત્નીનો ગળા ફાંસો ખાઈ આપઘાત



અમદાવાદ,

બાપુનગરમાં દહેજ ભૂખ્યા પતિના ત્રાસથી કંટાળેલી પત્નીએ ૧૪ સપ્ટેમ્બરે પોતાના ઘરે પંખે લટકીને ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. મૃતકના પિતાએ જમાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. મૂળ ઉત્તર પ્રદેશના વતની અને ઘણા વર્ષોથી કામકાજ અર્થે બેંગલુરુમાં સ્થાયી લાલનપ્રસાદ રાજભર (ઉ.૫૪) ગ્લાસ બનાવતી કંપનીમાં મજૂરીકામ કરે છે. બે વર્ષ અગાઉ તેમમે દીકરાના લગ્ન ઉત્તરપરદેશના વતની સોનુકુમાર રાજભર સાથે કરાવ્યા હતા. લગ્ન બાદ દીકરી અને જમાઈ રાજકોટમાં દોઢેક વર્ષ રહ્યા હતા. આ ગાળામાં તેમને ત્યાં દીકરીનો જન્મ થયો હતો. ત્યારબાદ જમાઈને અમદાવાદમાં નોકરી મળતા તે બાપુનગરમાં ભાડાના મકાનમાં રહેતા હતા. બે મહિનાથી પતિ દહેજ માટે વારંવાર હેરાન કરી મારઝૂડ કરતો હતો. તારા પિતાએ દહેજમાં કશું જ આપ્યું નથી, એના કરતા તું મરી જાય તો સારું કહી મેણાટોણાં મારતો હતો. દીકરીના માતાપિતાએ જમાઈને સમજાવવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે ફોન પર ગાળો ભાંડી હતી. ૧૪ સપ્ટેમ્બરે પરિણીતાની દીકરીને દવાખાને લઈ જવાની હતી પરંતુ તેની પાસે રૂપિયા ન હોવાથી પિતાને ફોન કરી મદદ માગી હતી. પિતાએ સારવાર શરુ કરાવી ત્યાંથી સ્કેનરનો ફોટો મોકલી આપજે, તેથી અમે અહીંથી ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરી દઈશું તેમ હૈયાધારણ આપતા પરણિતા દીકરીને લઈને દવાખાને જતી હતી તેટલામાં પતિ આવ્યો અને દીકરીને માતા પાસેથી ઝુંટવીને દવાખાને લઈને જતો રહ્યો હતો. મોડી સાંજે દીકરીની સારવાર કરાવીને તે ઘરે આવ્યો ત્યારે દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. પરિણીતાને લાગી આવતા ઘરમાં જ પંખે લટકીને આપઘાત કરીને જીવન ટૂંકાવી લીધું હતું. પતિએ સાળાને જાણ કરતા યુવતીના પરિવારજનો બેંગલુરુથી બાપુનગર દોડી આવ્યા હતા. દીકરીના અંતિમ સંસ્કાર મૃતકના પિતાએ બાપુનગર પોલીસ મથકે જમાઈ સોનુકુમાર શિવનારાયણ રાજભર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# એસ.જી. હાઈવે પર રાતે ૨ વાગ્યા સુધી ભારે વાહનો પર પ્રતિબંધ




અમદાવાદ,

અમદાવાદમાં નવરાત્રિ વખતે ભારે ટ્રાફિકની સમસ્યા જોવા મળે છે. એવામાં આ દરમિયાન વાહન વ્યવહાર ખોરવાય નહીં અને અકસ્માતના બનાવોને ટાળી શકાય તે માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય પ્રમાણે, નવરાત્રિ દરમિયાન રાતના ૨ વાગ્યા સુધી શહેરમાં ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે. નોંધનીય છે કે, એસ.જી હાઈવે પર ત્રણ ક્લબ, ૧૦થી વધુ પાર્ટી પ્લોટ અને અનેક ફાર્મહાઉસમાં ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. અહીં દર વર્ષે મોટી સંખ્યામાં ભીડ એકઠી થાય છે. આમ, વાહન ચાલકોને ટ્રાફિકનો સામનો ના કરવો પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક) એન.એન. ચૌધરીએ જણાવ્યું કે, સામાન્ય રીતે ભારે વાહનોને એસ.જી હાઈવે પર રાત્રે ૧૧ વાગ્યા સુધી પ્રવેશવા પર પ્રતિબંધ હોય છે, પરંતુ નવરાત્રિ દરમિયાન આ પ્રતિબંધ રાતના ૨ વાગ્યા સુધી લંબાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, કર્ણાવતી કલબ ચાર રસ્તા અને ઝાયડસ હોસ્પિટલના ચાર રસ્તાની વચ્ચે ૫.૫ કિલોમીટરના વિસ્તારમાં નવરાત્રિ વખતે ભારે ટ્રાફિક સર્જાય છે. કર્ણાવતી ક્લબથી સરખેજ જતા રસ્તા પર ફ્લાઈઓવર નિર્માણ કામ ચાલી રહ્યું છે.

જેના કારણે રસ્તા એક ભાગ બંધ છે. આ સાથે જ બીજી બાજુ ખોદાકામ ચાલુ છે, જેથી ટ્રાફિક જામ થવાની સંભાવના વધી ગઈ છે. આ સ્થિતિ પર કાબુ મેળવવા માટે બે ડીસીપી, બે એસપી, સાત પીએસઆઈ અને ૫૦૦ પોલીસકર્મીને ટ્રાફિક નિયંત્રમ માટે આ રસ્તા પર તહેનાત કરવામાં આવશે.

# અમદાવાદમાં ગરબા માટે ૧૨ વાગ્યા સુધીની જ મંજૂરી આપવામાં આવશે




અમદાવાદ,

અમદાવાદમાં ગરબા માટે ૧૨ વાગ્યા સુધીની જ મંજૂરી આપવામાં આવશે. નવરાત્રી દરમિયાન રાતભર પોલીસ તૈનાત રહેશે. મહિલાઓની સુરક્ષા પર અમદાવાદ પોલીસ વધુ ધ્યાન આપશે. નવરાત્રીમાં બંદોબસ્તને લઈ અમદાવાદ પોલીસે એક્શન પ્લાન બનાવ્યો હતો. નવરાત્રિના નવ દિવસ ખેલૈયાઓ ઉત્સાહભેર ગરબાની રમઝટ બોલાવશે. જેમાં અમદાવાદ સહિતના મોટા શહેરોમાં વિવિધ પાર્ટી પ્લોટ, સોસાયટીઓમાં ગરબાનું આયોજન કરવામાં આવે છે.

નવરાત્રી દરમિયાન અમદાવાદમાં ગરબા દાંડિયાને લઈ અનેક મોટા આયોજનો થઈ રહ્યા છે. કેટલાક આયોજકો સૂર્યાસ્તથી લઈ સૂર્યોદય સુધી ગરબાના આયોજન કર્યાનો પ્રચાર- પ્રસાર પણ શરૂ કરી દીધો છે. આ તમામની વચ્ચે રાજ્યના સૌથી મોટા એવા આ શહેરમાં ગરબા ઉત્સવ દરમિયાન કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય અને કાયદો વ્યવસ્થા જળવાય તે માટે એક્શન પ્લાન તૈયાર કરી દેવાયો છે. નવરાત્રીની રાત્રીઓમાં મોડી સાંજ સુધી ઠેર-ઠેર બંદોબસ્ત ગોઠવવાની સાથેસાથે મહિલાઓની સુરક્ષા પર ખાસ ભાર આપવાની પોલીસની રણનીતિ છે. સાથે જ ટ્રાફિક વ્યવસ્થા સૂચારૂ રૂપે ચાલે તેવું પણ આયોજન છે. ખાસ કરીને એસજી હાઈવેથી એસપી રિંગ રોડ વચ્ચેના બેલ્ટ પર અનેક મોટા આયોજનો થઈ રહ્યા છે ત્યારે આ વિસ્તારોમાં ટ્રાફિકને લઈ ખાસ પ્લાન તૈયાર કરાયો છે. કેમ કે કેટલાક આયોજકો રાતભર ગરબાના આયોજનની વાતો કરે છે ત્યારે ક્રાઈમ કોન્ફરન્સ બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશનરે સમય મર્યાદાને લઈ સ્પષ્ટતા કરી હતી. કેમ કે રાત્રી દરમિયાન લાઉડ સ્પીકર વગાડવાને લઈ અદાલતના આદેશ પ્રમાણે સમય મર્યાદાનું પાલન કરવાનું હોય છે ત્યારે પોલીસ કમિશનર જી.એસ.મલિક ની આ સ્પષ્ટતા ઘણી સૂચક છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકના અધ્યક્ષ સ્થાને મંગળવારે (૧૬ સપ્ટેમ્બર) ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, આગામી સમયમાં નવરાત્રીના તહેવાર દરમિયાન બંદોબસ્તના આયોજન અને SHE Teamની કામગીરી અંગે સૂચના આપવામાં આવી છે. નવરાત્રી સમયે SHE Team પેટ્રોલિંગ કરશે. નવરાત્રિમાં ગરબાનો સમય ૧૨ વાગ્યા સુધીનો છે. એસજી હાઈવે અને સિંધુ ભવન રોડ પર પોલીસ બંદોબસ્ત ગોઠવાશે અને ટ્રાફિક સહિતની સમસ્યા નિવારવા પોલીસ કાર્યરત રહેશે.

MGVCL કચેરીએ મચાવ્યો હોબાળો

# ગોધરા શહેરમાં ૧૩ કલાકના વીજકાપથી ગ્રાહકોમાં રોષ



ગોધરા,

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા મેન્ટેનન્સના નામે લાદવામાં આવેલા ૧૩ કલાકના લાંબા વીજકાપને કારણે નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. અસહ્ય ગરમી અને બફારા વચ્ચે વીજ પુરવઠો ઠપ્પ થતાં રોષે ભરાયેલા વીજ ગ્રાહકોના ટોળાએ પાવર હાઉસ ખાતે આવેલી MGVCLની મુખ્ય કચેરીએ પહોંચી ઉગ્ર હોબાળો મચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગોધરા શહેરના સિવિલ લાઈન્સ, ભૂરાવાવ, સ્ટેશન રોડ સહિતના અનેક વિસ્તારોમાં મંગળવારની રાતથી વીજ પુરવઠો ખોરવાયો હતો. જે બુધવારે બપોર સુધી પુનઃસ્થાપિત ન થતા સ્થાનિક રહીશોની ધીરજ ખૂટી હતી. સતત ૧૩ કલાકથી વીજળી ગુલ રહેતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગરમીથી અકળાયેલા લોકો, ખાસ કરીને બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી બની હતી. પાણીની મોટરો બંધ રહેતા ઘરોમાં પાણીનો કકળાટ પણ શરૂ થયો હતો.

વીજ પુરવઠો ક્યારે શરૂ થશે તે અંગે કોઈ સંતોષકારક જવાબ ન મળતા અને અધિકારીઓની બેદરકારીથી અકળાયેલા સ્થાનિકો મોટી સંખ્યામાં એકઠા થઈને એમજીવીસીએલની કચેરીએ ધસી ગયા હતા. જ્યાં તેમણે જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. પરિસ્થિતિ વણસતી જોઈને અધિકારીઓએ પોલીસને જાણ કરી હતી, જોકે લોકોનો રોષ શાંત પડ્યો ન હતો.

એક સ્થાનિક મહિલાએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, 'આ કોઈ આજની સમસ્યા નથી. સામાન્ય વરસાદના છાંટા પડતા જ અમારા વિસ્તારમાં લાઈટ જતી રહે છે. ડીમ લાઈટની સમસ્યા તો કાયમી છે.

રહીશોના જણાવ્યા અનુસાર, જ્યારે તેમણે મંગળવારે વીજ કચેરીએ ફોન કર્યો ત્યારે તેમને પહેલા બપોરે ૨ વાગ્યે અને ત્યારબાદ ૪ વાગ્યે લાઈટ આવી જશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. જોકે, સાંજે ૭ વાગ્યા સુધી પણ વીજ પુરવઠો શરૂ ન થતાં લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો.

વીજ કચેરીના અધિકારીઓ દ્વારા સબ-સ્ટેશનમાં કામગીરી ચાલતી હોવાનું કારણ આગળ ધરવામાં આવી રહ્યું છે. પરંતુ રહીશોનો આક્ષેપ છે કે સબ-સ્ટેશન પર કોઈ ફોન ઉપાડતું નથી કે કોઈ સ્પષ્ટ જવાબ આપતું નથી. બસ, લાઈટ આવી જશે, આવી જશે કહીને અમને ગોળ ગોળ ફેરવવામાં આવે છે.

ગ્રાહકોના ઉગ્ર રોષ અને હોબાળા બાદ એમજીવીસીએલના અધિકારીઓએ તાત્કાલિક સમારકામની કામગીરી પૂર્ણ કરાવી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની ખાતરી આપી હતી. જોકે, આ ઘટનાએ વીજ કંપનીના પ્રી-મોન્સુન મેન્ટેનન્સની કામગીરી અને ગ્રાહક સેવા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# તીર્થ ધામ બહુચરાજીનેથી નગરપાલિકાનો દરજ્જો મળ્યો




મહેસાણા,

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના સુપ્રસિદ્ધ તીર્થ ધામ બહુચરાજી ગામને નગરપાલિકાનો દરજ્જો આપવા માટે કવાયત હાથ ધરાઈ હતી. આ દરમિયાન ગામ લોકોએ બહુચરાજીને ગ્રામ પંચાયત રાખવા માટે સરકાર સામે બાંયો ચઢાવી હતી. પરંતુ હવે બહુચરાજી ગામને નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે. આજથી બહુચરાજી ગામ નગરપાલિકા તરીકે અસ્તિત્વમાં આવશે. રાજ્ય સરકારે આ માટે સત્તાવાર નોટિફિકેશન જાહેર કર્યું છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા એક નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ નોટિફિકેશન પ્રમાણે મહેસાણા જિલ્લાના બેચર-બહુચરાજી ગ્રામ પંચાયતને આજથી નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ હેઠળ રાજ્ય સરકારે બહુચરાજી ગામને નગરપાલિકાનો દરજ્જો આપ્યો છે. આજથી જ બહુચરાજી નગરપાલિકા અસ્તિત્વમાં આવશે. બહુચરાજીમાં યાત્રાધામ અને સુઝુકી સહિતની કંપનીઓ હોવાથી તેને નગરપાલિકાનો દરજ્જો આપવો જરૂરી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

બહુચરાજી ગામની આસપાસના વિસ્તારોમાં ઓદ્યોગિકરણનો વિકાસ થતાં રાજ્ય સરકાર દ્વારા ગામને નગરપાલિકાનો દરજ્જો આપવા કવાયત હાથ ધરી હતી. અગાઉ મહેસાણા જિલ્લા કલેક્ટરે મામલતદારને બહુચરાજી ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવા માટેની દરખાસ્ત તૈયાર કરીને મોકલી આપવા સૂચના આપી હતી.

જેથી મામલતદારે ગ્રામ પંચાયતના વહિવટદારને વાંધા અને સંમતિ માટેના ઠરાવની નકલો મોકલી આપવા માટે આદેશ કર્યો હતો. આ આદેશ અંતર્ગત ગ્રામ સભામાં ગ્રામજનોએ નગરપાલિકાનો વિરોધ કરી ગ્રામ પંચાયત રાખવા માટે વિરોધ કર્યો હતો. પરંતુ આખરે સરકારે નોટિફિકેશન જાહેર કરીને બહુચરાજીને નગરપાલિકાનો દરજ્જો આપી દીધો છે. આજથી જ બહુચરાજી નગરપાલિકા અસ્તિત્વમાં આવશે.

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભવ્ય આયોજન

# વડાપ્રધાન મોદીના ૭૫માં જન્મ દિવસે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાશે




અમદાવાદ,

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫માં જન્મદિવસે અમદાવાદના આંગણે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાવાનો છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સૌથી મોટો મેગા રક્તદાન કેમ્પ યોજાશે. જેમાં ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે. ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે.

આ વિશે માહિતી આપતા કાર્યક્રમના આયોજક મુકેશ ગુગલીયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે વિશ્વનો સૌથી મોટો રક્તદાન કેમ્પ યોજાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે Mega Blood Donation Drive – રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦ નું આયોજન કરાયું છે. અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા આ આયોજન કરાશે. અખિલ ભારતીય તેરાપંથના ૬૨ વર્ષ પૂર્ણ થતાં અને ૬૨માં વર્ષમાં પ્રવેશ અને એ જ દિવસે પ્રધાનમંત્રીનો જન્મ દિવસનો સમન્વય જેની ભવ્ય ઉજવણી કરાશે. કાર્યક્રમમમાં ૫૦ થી વધુ સંસ્થાઓ જોડાશે.

તો અન્ય આયોજક રાજેશ સુરાણાએ કહ્યું કે, પીએમ મોદીના જન્મદિવસે ૧૭ સપ્ટેમ્બરે ૭૫ થી વધુ દેશમાં ૭૫૦૦ થી વધુ કેમ્પ એકસાથે યોજાશે. તમામ કેમ્પનું પ્રધાનમંત્રી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનાર કેમ્પમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી અને મંત્રી હાજર રહેશે. આ દિવસે ૩ લાખ યુનિટ કલેક્ટ થાય તેવો લક્ષ્યાંક છે.

**કાર્યક્રમની માહિતી**

૭૫ દેશોમાં બ્લડ ડોનેશન કાર્યક્રમ, ૭૫૦૦ થી વધુ કેમ્પ, ૭૫ હજાર યુવાનો, ૪ હજાર બ્લડ બેંક, ૫ હજાર ડોક્ટર, ૨૫૦૦ ટેક્નિશિયન, ૧ લાખ સ્વયંસેવક, ૩ લાખ રક્તદાતા જોડાશે, ૭૫ દેશોમાં યોજાશે કેમ્પ.

આ મેગા રક્તદામ કેમ્પ ૭૫ દેશોમાં યોજાશે. જેમાં નેપાળ, શ્રીલંકા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુકે સહિતના દેશમાં કેમ્પ યોજાશે. કેમ્પમાં ભાગ લેવા લોકોએ રૅજઃ// દ્ધદ્ધ.દ્ઘહ્વ એંદ્ઘહ્લદ્ધક.ૅપ્નિ/દ્ઘહ્લદ્ધદ્ધ/ ીપ્નિજીપિર નોંધણી કરવાની રહેશે. કેમ્પ યોજનાર સંસ્થા ૨૦૧૪ માં સૌથી મોટા રક્તદાન માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવી ચૂકી છે. ૨૦૨૦ કોરોના સમયે ૩ હજારથી વધુ પ્લાઝમા એકત્ર કરવામાં એશિયા અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ નોંધાવ્યો છે. ૨૦૨૨માં બ્રિટિશ સંસદ ખાતે ૬૧૪૯ બ્લડ કેમ્પ કરી એક દિવસમાં ૨.૫ લાખ યુનિટ બ્લડ એકત્ર કરી ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં સંસ્થાએ ૧૦ લાખથી વધુ યુનિટ બ્લડ એકત્ર કર્યુ છે. આ ઉપરાંત લોકોમાં જાગૃતિ આવે માટે તે માટે ૧૪ સપ્ટેમ્બરે સાયકલોથોન, મેરેથોન અને વોકાથોનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કાર્યક્રમમાં ગુજરાત ક્રિકેટ એસોસિએશન, ગુજરાત યુનિવર્સિટી, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ષ્ઠૈં, ફર્, છહ્વર્, ભારતીય જનતા યુવા મોરચા સહિત વિવિધ સંસ્થા જોડાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રધાનમંત્રીના ૭૫ માં જન્મદિવસ પર ઓછામાં ઓછી ૭૫ હજાર બ્લડ યુનિટ એકત્ર થાય તેવો અંદાજ છે.

કાર્યક્રમમાં ધ્યાન રાખવા જેવી બાબત

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧ નંબર ગેટ પરથી જનરલ એન્ટ્રી. ૨ અને ૩ પરથી કાર અને વાહન જઈ શકશે અને ૪ નંબર ગેટ પરથી દ્બૈં એન્ટ્રી રહેશે

સ્ટેડિયમ ખાતે દ્બહ્ષ અને હોસ્પિટલ અને એમ્બ્યુલન્સ સહિતની પણ વ્યવસ્થા રહેશે

મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે માં આમંત્રણ વગર લોકો એકત્ર થાય તેના કરતાં વધુ લોકો બ્લડ કેમ્પમાં આવે તેવો આયોજકોનો લોકોને આગ્રહ કેમ્પમાં એકત્ર કરેલ બ્લડ જરૂરતમંદ ને પહોંચાડવામાં અને મદદ કરવામાં આવશે

તો બીજી તરફ, સુરત પશ્ચિમ વિધાનસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરની ઉજવણી ડિસ્કાઉન્ટ દિવસ તરીકે કરાશે. આ વિશે માહિતી આપતા સુરત પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ જણાવ્યું કે, સુરતમાં પીએમ મોદીના જન્મ દિવસની ઉજવણી ડિસ્કાઉન્ટ દિવસ તરીકે કરવામાં આવશે. છેલ્લા ૫ વર્ષથી આ પ્રકારની ડિસ્કાઉન્ટ ઓફર એક દિવસ માટે અપાય છે. જેમાં હોસ્પિટલ, ઈલેક્ટ્રીક શોપ, મોબાઈલ શોપ, શાકભાજી માર્કેટ, રીક્ષા ભાડું, કરીયાણા શોપ, ફરસાણ શોપ, રેસ્ટોરન્ટ, જ્યુસ શોપ, હેર કટિંગની દુકાનોમાં પથી લઈને ૧૦૦ ટકા ડિસ્કાઉન્ટ લોકોને મળશે.

આ ઉપરાંત સુરતની કેટલીક હોસ્પિટલોમાં બાળકીનો જન્મ થાય તો પ્રસુતિ ચાર્જ માફ કરવામાં આવશે. આ સાથે જ વય વંદના કાર્ડનો લાભ મેળવેલા ૩૦૦૦ લાભાર્થી અંબાજીમાં શ્રી યંત્રની પૂજા કરશે. અંબાજીથી વડનગરની મુલાકાત વડિલોને આપવામાં આવશે. વડનગરમા હાડકેશ્વર મહાદેવ મંદિરે યોજાનારા યજ્ઞમાં ભાગ લેશે. ત્યારબાદ આ તમામ વડીલો પરત સુરત આવશે.

### શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો

# રાજ્યભરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા



અમદાવાદ,

શાકભાજી માર્કેટને મોટું ગ્રહણ લાગ્યું છે. અમદાવાદમાં શાકમાર્કેટમાં અચાનક ગ્રાહકોની ભીડ ઓછી થવા લાગી છે, જેની પાછળનું કારણ એ છે કે શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. એક સમયે ૨૦ રૂપિયા કિલો મળતું શાક તો ૧૨૦ રૂપિયા કિલો મળવા લાગે તો શું થાય? માર્કેટમાં ઘરાકી ઓછી અને વેપારીઓને તંગદિલી જોવા મળે. આવો જ ઘાટ સર્જાયો છે અમદાવાદના શાકમાર્કેટમાં. માર્કેટમાં મહિલાઓ આવે છે, શાકના ભાવ પૂછે છે અને પછી ૧૦૦ રૂપિયા કિલો ભાવ જોતાં માત્ર ૨૫૦ ગ્રામ કે ૫૦૦ ગ્રામ શાકની ખરીદી કરે છે. અમદાવાદમાં શાકભાજીના ભાવમાં ૧૦૦ ટકા વધારો થયો છે. રીંગણા, ચોળી, પાપડી, તુવેર, ગુવાર જેવાં શાકભાજીના ભાવ ૧૦૦ રૂપિયાથી વધારે છે, જેને કારણે લોકોનાં બજેટ પર અસર પડી રહી છે.

૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫: ચોળી ૨૦૦ રૂપિયા કિલો, કોબીજ ૬૦ કિલો, ફુલાવર ૧૨૦ રૂપિયા કિલો, ભીંડા ૮૦ રૂપિયા કિલો, ગુવાર ૧૫૦ રૂપિયા કિલો, પરવળ ૧૨૦ રૂપિયા કિલો, તુરિયા ૧૦૦ રૂપિયા કિલો, દૂધી ૭૦ રૂપિયા કિલો, પાપડી ૧૫૦ રૂપિયા કિલો, રીંગણા ૧૦૦ રૂપિયા કિલો, કારેલાં ૮૦ રૂપિયા કિલો, ટિંડોળા ૨૪૦ રૂપિયા કિલો. ૨૦ ઓગસ્ટ ૨૦૨૫, જ્યારે એક મહિના પહેલાં આ જ શાકના ભાવ: ચોળી ૬૦ રૂપિયા કિલો, કોબીજ ૨૦ રૂપિયા કિલો, ફુલાવર ૬૦ રૂપિયા કિલો, ભીંડા ૬૦ રૂપિયા કિલો, ગુવાર ૬૦ રૂપિયા કિલો, પરવળ ૮૦ રૂપિયા કિલો, તુરિયા ૫૦ રૂપિયા કિલો, દૂધી ૪૦ રૂપિયા કિલો, પાપડી ૭૦ રૂપિયા કિલો, રીંગણા ૪૦ રૂપિયા કિલો, કારેલાં ૪૦ રૂપિયા કિલો, ટિંડોળા ૧૦૦ રૂપિયા કિલો.વેપારીઓનું કહેવું છે કે. ભારે વરસાદના કારણે માલની આવક ઓછી થઈ અને તેને લઈને ભાવમાં મોટો વધારો છે. ગૃહિણીઓને આશા છે કે શિયાળા સુધી અમદાવાદમાં શાકભાજીના ભાવ ઘટી જશે. જ્યારે વેપારીઓના મતે વરસાદની સ્થિતિ નબળી પડતાં ધીમે ધીમે ભાવમાં ફરક આવતાં નવરાત્રિ સુધી ભાવ ઘટવાની આશા છે.

### સરકાર પાસે રૂ.૧,૦૦૦ કરોડના પેકેજની માંગ

# બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની કોંગ્રેસે લીધી મુલાકાત

બનાસકાંઠા,

બનાસકાંઠા જિલ્લાના થરાદ, વાવ અને સુઈગામ તાલુકામાં ૭ અને ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ આવેલા અચાનક પૂરના કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિ બાદ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમની સાથે સાંસદ ગેનીબેન ઠાકોર અને જિલ્લા કોંગ્રેસના નેતાઓ પણ જોડાયા હતા. મુલાકાત દરમિયાન તેમણે સરકાર પાસે તાત્કાલિક રૂ. ૧,૦૦૦ કરોડના સહાય પેકેજની માગ કરી હતી અને સરકારની રાહત કામગીરી પર અનેક સવાલો ઉઠાવ્યા હતા.

અમિત ચાવડાએ સુઈગામ તાલુકાના ભરડવા ગામ, વાવના મોરિખા ગામ અને થરાદના ડોડગામ તથા ખાનપુર ગામની મુલાકાત લીધી હતી. અહીં તેમણે પૂરથી પ્રભાવિત થયેલા પરિવારો સાથે વાતચીત કરી, તેમના તૂટેલા ઘરો, ખેતીના પાકને થયેલું નુકસાન અને પશુધનના મૃત્યુની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે જણાવ્યું કે, "પૂરના કારણે ખેતી, પશુધન અને ઘરવખરીને મોટા પાયે નુકસાન થયું છે, જેનાથી ગ્રામીણ અર્થતંત્રને ગંભીર આંચકો લાગ્યો છે."

ચાવડાએ સરકાર દ્વારા જાહેર કરાયેલા કેશડોલની નીતિ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, "સરકારી તંત્ર દ્વારા પરિવારના માત્ર ૨ સભ્યોને કેશડોલ આપવાનો ફતવો કોઈપણ રીતે સ્વીકાર્ય નથી." આ ઉપરાંત, તેમણે આરોગ્ય સેવાઓનો અભાવ પણ દર્શાવ્યો, "ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) હોવા છતાં દવાઓ ઉપલબ્ધ નથી, જેના કારણે રોગચાળો ફેલાવાનો ભય છે." તેમણે ઉમેર્યું કે, તમામ સમાજના લોકોએ સાથે મળીને નક્કી કર્યું છે કે જો પૂરતું વળતર અને કેશડોલ નહીં મળે તો તેઓ તેનો બહિષ્કાર કરશે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકારને ખાસ અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૨૧ અને ૨૦૨૫માં વારંવાર પૂર આવે છે, જે દર્શાવે છે કે આ એક કાયમી સમસ્યા છે. તેમણે માગ કરી કે, "આ રણપ્રદેશના નજીકના વિસ્તારમાં પાણીના કાયમી નિકાલ માટે કેનાલની વ્યવસ્થા થવી જોઈએ, જેથી ભાભર, થરાદ અને સુઈગામનું પાણી રણમાં નિકાલ કરી શકાય." તેમણે ખાતરી આપી કે કોંગ્રેસ આ તમામ માંગણીઓનું આવેદનપત્ર સરકારને સુપરત કરશે. અમિત ચાવડાની આ મુલાકાત દરમિયાન સાંસદ ગેનીબેન ઠાકોર, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત અને અન્ય નેતાઓ હાજર રહ્યા હતા. આ ઘટનાએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન માટે સરકાર પર દબાણ વધાર્યું છે.

### અમદાવાદના ચકચારી હિંમત રૂડાણી હત્યા કેસ

# હિંમત રૂડાણી હત્યા કેસમાં બે આરોપીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર




અમદાવાદ,

અમદાવાદના ચકચારી હિંમત રૂડાણી હત્યા કેસમાં કોર્ટે બે આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે આ કેસમાં ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. પોલીસ દ્વારા આ કેસમાં આરોપીઓ રાહુલ અને પપ્પુ મેઘવાલની વધુ પૂછપરછ કરવા માટે ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જ્યારે કોર્ટ દ્વારા ૫ દિવસના રિમાન્ડ મંજૂર થતા હવે પોલીસ આ બંને આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ કરશે. આ પૂછપરછમાં હત્યા પાછળનો મુખ્ય હેતુ અને અન્ય કોઈ સંડોવાયેલા વ્યક્તિઓ વિશે માહિતી મેળવવામાં આવશે. આ કેસમાં વધુ વિગતો આગામી દિવસોમાં બહાર આવવાની શક્યતા છે. બિલ્ડર મનસુખ લાખાણીએ જ હિંમત રૂડાણીની હત્યા માટે સોપારી આપી હતી. લાખાણી અને રૂડાણી વચ્ચે જૂના ધંધાકીય સંબંધોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદના કારણે જ મનસુખ લાખાણીએ હિંમત રૂડાણીની હત્યા કરાવવાનું કાવતરું ઘડ્યું હતું.

અગાઉ પોલીસે મનસુખ લાખાણીને શંકાના આધારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. જોકે, ત્રણ આરોપીઓની કબૂલાત અને અન્ય પુરાવાઓના આધારે તેની ભૂમિકા સ્પષ્ટ થઈ હતી. આ પુરાવા મળ્યા બાદ પોલીસે તાત્કાલિક મનસુખ લાખાણીની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, આ બંને બિલ્ડરો નિકોલના ગંગોત્રી સર્કલ નજીકના એક જમીનના પ્લોટને લઈને લાંબા સમયથી લડી રહ્યા હતા. આ વિવાદ ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં જાહેર થયો હતો, જ્યારે માલિકી હકને લઈને થયેલી બોલાચાલી બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. તપાસ અધિકારીઓએ ખુલાસો કર્યો કે, હિંમત રૂદાણીના પુત્ર ધવલે મનસુખ લાખાણીના પુત્ર કિંજલ લાખાણી સામે CID ક્રાઈમના આર્થિક ગુના વિંગ (EOW)માં ૧.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

### વૃદ્ધાના ગળાના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા

# ખોખરામાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધાનું ગળું દબાવી હત્યા




અમદાવાદ,

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં હરીપુરાની ચાલીમાં બાજુમાં આવેલ ફુટ વાળી ચાલીમાં એકલવાયું જીવન જીવતા વૃદ્ધાનું ગઈ તારીખ ૧૧મી સપ્ટેમ્બરના એકાએક મોત નીપજ્યું હતું. ૯૫ વર્ષીય ધનીબેન રામાભાઈ વાઘેલા છેલ્લા ઘણા વર્ષોથી ફુટ વાળી ચાલીમાં ભાડેથી મકાન રાખીને રહેતા હતા. જો કે, તેમનો દીકરો ખોખરા વિસ્તારમાં જ તેના પરિવાર સાથે રહેતો હોવાથી ધનીબેનના મોત અંગેની જાણ પાડોશીએ તેમના દીકરા બીપીનભાઈ વાઘેલાને કરતા તે દોડી આવ્યો હતો.

જયારબાદ મૃતક માતાને પોતાના ઘરે લઈને ગયો હતો. અંતિમ ક્રિયા કરવાની તૈયારી કરતા જ દીકરા બીપીનભાઈને માતાના ગળાના ભાગે ઈજાના નિશાન દેખાયા હતા. તેથી દીકરાએ આ અંગે ખોખરા પોલીસને જાણ કરતા ખોખરા પોલીસ આવી પહોંચી હતી. પોલીસે પોસ્ટમોટર્મ કરવાનું નક્કી કરતા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક રિપોર્ટમાં સામે આવ્યું હતુ કે, વૃદ્ધાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે. ત્યારે ખોખરા પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાની કલમ હેઠળ ફરિયાદ નોંધીને હત્યા કરનાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.

પોલીસે ઘરની તપાસ કરતા દરેક કિંમતી ચીજ વસ્તુ સહીસલામત મળી આવી હતી. જેના કારણે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ હત્યા કોઈ લૂંટ માટે કરવામાં આવી નથી. જો કે, આ હત્યા ક્યાં કારણે થઇ તેને લઇ પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

### ચાકૂના ઉપરાછાપરી ઘા ઝીંકી ફરાર થઈ ગયો હતો

# વડોદરામાં યુવક પર ચાકૂના ઉપરાછાપરી ઘા ઝીંકી આતંક મચાવનાર ચાર માથાભારે શખ્સો ઝડપાયો



વડોદરા,

વડોદરાના સવાદ ક્વાટર્સમાં જૂના ઝઘડાની અદાવતે યુવક પર ચાકૂના ઉપરાછાપરી ઘા ઝીંકી ફરાર થઈ ગયેલા ચાર હુમલાખોરોને રાત્રે ઝડપી પાડવામાં આવ્યાં હતાં. ખોડિયાર નગર ચાર રસ્તા પાસે શીવમ પાર્ક સોસાયટીમાં રહેતા સિદ્ધાર્થ હરેરામભાઇ સિંગનો ભાઇ ગૌરવ સમા ખાતે આવેલી મીટ્સ મસાલા કોમ્પલેક્સમાં સિક્યુરિટી તરીકે નોકરી કરે છે. ગઇ રાત્રે ગૌરવને કેટલાક લોકોએ ચપ્પુના ઘા મારતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ગૌરવ અને વિજય મિત્ર શૈલેન્દ્ર વાઘમારે તથા અર્જુનને મળવા માટે સવાદ ક્વાટર્સ ગયા હતા. ત્યારે જૂના ઝઘડાની અદાવત રાખી સંકેત રાજ ઉર્ફે કાંચો, સુમિત મકવાણા, નિતિશ શર્મા ઉર્ફે બાબા તથા વિશાલ ઉર્ફે ખારીએ ઝઘડો કરી પથ્થર, પટ્ટાથી માર માર્યો હતો. વિશાલ ખારીએ મોપેડમાંથી ચપ્પુ કાઢી સંકેતને આપતા સંકેતે ચાકૂના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.જૂના ઝઘડાની અદાવત રાખી સંકેત રાજ ઉર્ફે કાંચો, સુમિત મકવાણા, નિતિશ શર્મા ઉર્ફે બાબા તથા વિશાલ ઉર્ફે ખારીએ ઝઘડો કરી પથ્થર, પટ્ટાથી માર માર્યો હતા

આ ગુનાની ફરિયાદ બાદ વારસિયા પોલીસે સંકેત ઉર્ફે કાંચો અશોકભાઇ રાજ (રહે. આમ્રપાલી સોસાયટી વૈકુંઠ-૨ની અંદર આજવા રોડ બાપોદ), સુમિત ઉર્ફે સ્ટફ નરેશભાઇ મકવાણા (રહે. પાલ્મ વ્યુ ફ્લેટ, સયાજીપુરા, બાપોદ વિસ્તાર), નિતિશ ઉર્ફે બાબા દિનેશ સિંગ (રહે. લક્ષ્મીનગર સોસાયટી, રઘુકુળ સ્કુલની પાછળ, આજવા રોડ, બાપોદ) અને વિશાલ હરીશભાઇ શ્રીમાળી (રહે. પોલીસ કોલોની વારસીયા રીંગ રોડ) ની ધરપકડ કરી હતી.

### સ્માર્ટ વીજ મીટરનું ભૂતે ફરી એક વખત ધુણવાનુ શરૂ કર્યું

# અકોટામાં નવા સ્માર્ટ વીજ મીટરનો વિરોધ કરી હલ્લાબોલ



વડોદરા,

વડોદરા શહેરમાં સ્માર્ટ વીજ મીટરનું ભૂતે ફરી એક વખત ધુણવાનુ શરૂ કર્યું છે. પશ્ચિમ વિસ્તારમાં અકોટા ખાતે આવેલી મહાત્મા ગાંધી હાઈટ્સ સોસાયટીમાં ૧૫૫ જેટલા પરિવારો પૈકી અડધાથી ઓછા લોકોને ઘરે સ્માર્ટ મીટર લાગી જતા વીજ બિલમાં અનેક વિરોધાભાસ હોવાના કારણે રોષે ભરાયેલા સોસાયટીના તમામ લોકોએ રેસકોર્સ ખાતે આવેલી વીજ નિગમની વડી કચેરીએ હલ્લાબોલ સાથે ભારે સૂત્રોચાર કાર્યક્રમ કરીને જૂના કોમ્પ્યુટરાઈઝ્ડ વીજ મીટર પરત લગાવી દેવાની મુખ્ય માંગ સાથે શિવસેનાના નેજા હેઠળ વિભાગીય ઉચ્ચ અધિકારીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે અકોટા વિસ્તારમાં આવેલી મહાત્મા ગાંધી હાઈટ્સ સોસાયટીમાં ૧૫૫ જેટલા પરિવારો રહે છે. જે પૈકી અડધાથી ઓછા મકાનોમાં છ માસ અગાઉ સ્માર્ટ વીજ મીટર લગાડીને જુના કોમ્પ્યુટરાઈઝ્ડ મીટર કાઢી લેવામાં આવ્યા હતા. આ અંગે સ્થાનિકોએ વિરોધ કર્યો હતો ત્યારે તેમને સમજાવવામાં આવ્યા હતા કે આગામી એકાદ વર્ષમાં સમગ્ર શહેરમાં સ્માર્ટ વીજ મીટર લગાવી દેવામાં આવશે પરંતુ હજી સુધી આ કાર્યવાહી પૂર્ણ થઈ નથી. જ્યારે બીજી બાજુ અગાઉના કોમ્પ્યુટરાઈઝ્ડ વીજબિલ નિયત તારીખે બે મહિને બિલ મળતા હતા. પરંતુ હવે આ બાબતે પ્રત્યેક મહિને કોઈપણ તારીખે બિલ બજવણી કરવામાં આવે છે. અગાઉ વીજબિલના નાણાં ભર્યા હોવા છતાં પણ બીજા મહિને આવતા બિલમાં આગળના મહિનાનું બિલ ઉમેરાઈને આવે છે. આવી રીતે બિલની રકમ સુધારવા માટે વીજ કચેરીએ ધક્કા ખાવા પડે છે. કોમ્પ્યુટરાઈઝ્ડ વીજબીલ દર બે મહિને આવતું હતું પરંતુ સ્માર્ટ વીજ દર મહિને આવે છે. અગાઉ કરાયેલા વાયદા મુજબ આગામી એક વર્ષમાં સમગ્ર શહેરમાં સ્માર્ટ વીજ મીટર લાગી જવા કહેવાયું હતું આમ છતાં પણ હજી અન્ય કોઈ વિસ્તારમાં સ્માર્ટ વીજ મીટર નહિ લાગ્યા હોવાનું શિવસેનાના નેજા હેઠળ મહાત્મા ગાંધી હાઈટ્સના પ્રમુખ ચેતન કલંબેએ જણાવ્યું હતું. આવી જ રીતે પ્રતિ બે મહિને કોમ્પ્યુટરાઈઝ્ડ મીટરથી આવતા બિલની રકમ હવે સ્માર્ટ વીજ મીટરમાં દર મહિને આવે છે. આમ જુના કોમ્પ્યુટરાઈઝ્ડ વીજ બીલથી ડબલ વીજબીલથી મહાત્મા ગાંધી હાઈટ્સના સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. પરિણામે શિવસેનાના નેજા હેઠળ સોસાયટીના પ્રમુખ ચેતન કલંબેના નેજા હેઠળ ૧૫૫ જેટલા એકત્ર થયેલા પરિવારોએ રેસકોર્સ ખાતે આવેલી વીજ નિગમ કચેરીએ હલ્લાબોલ સહિત ભારે સૂત્રોચાર કરીને જુના કોમ્પ્યુટરાઈઝ્ડ વીજ મીટર પુનઃ લગાવીને નવા સ્માર્ટ મીટર કાઢી જવા બાબતે આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**